# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

ડૉ. એચ.જે.દેરાશ્રી
નિયામકશ્રી..(વિસ્તરણ શિક્ષણ)

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ફોનઃ ૦૨૬૩૭–૨૮૨૦૨૬
ફેક્ષ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬
E-mail : dee@nau.in

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી.૨/વેબ.પબ્લી.૪૫ /૨૦૧૩ તાઃ ૦૩/૦૫/૨૦૧૨

**પ્રતિ,**
કૃષિ મહોત્સવ–૧૩ માં
સેવા આપનાર સંબંધિત જિલ્લા નોડલ ઓફિસર તથા
તમામ કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓ

**વિષયઃ**–કૃષિ મહોત્સવ–૨૦૧૩ અંતર્ગત ઓરીએન્ટેશન કાર્યક્રમ બાબત..

જયભારત સહ જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા ગત વર્ષની જેમ કલસ્ટરવાઈઝ ચાલુ વર્ષે પણ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ કૃષિ મહોત્સવ માટે નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના કાર્યક્ષેત્રમાં આવતા ૭ જિલ્લાના ૩૭ તાલુકાના ૩૬૮૨ ગામમાં કુલ ૪૨ કૃષિ રથો સાથે વૈજ્ઞાનિકો હાજર રહી ખેડૂતોને આધુનિક ખેતી સંબંધિત માહિતી પૂરી પાડી, ખેતીના પ્રશ્નોનું નિવારણ કરે એવું આયોજન કરવાનું થાય છે.

વધુમાં વૈજ્ઞાનિકોને આધુનિક ખેતી વિશેની છેલ્લામાં છેલ્લી માહિતી મળી રહે તે માટે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગત નીચે મુજબ છે.

તારીખઃ–૧૧/૦૫/૨૦૧૩
સમય :–સવારે ૦૯.૦૦ કલાકથી( કાર્યક્રમ સમયસર ચાલુ થશે)
સ્થળ :– ઓડીટોરીયમ, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ઉપરોકત ઓરીએન્ટેશન કાર્યક્રમમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નોંધઃ–**

(૧) આપની કચેરી દ્વારા કૃષિ મહોત્સવ–૨૦૧૩માં કૃષિ રથ સાથે કૃષિ તજજ્ઞો તરીકે જે અધિકારી/કર્મચારીઓને યાદી મોકલેલ છે, તે તમામને આ ઓરીએન્ટેશન કાર્યક્રમમાં હાજર રહેવા આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

(૨) જે તે યુનિટના વડા તરફથી મોકલવામાં આવેલ યાદી મુજબ જ અત્રેથી કૃષિ મહોત્સવ–૨૦૧૩માં કૃષિ વૈજ્ઞાનિકોની સેવા ફાળવવામાં આવેલ છે. આ સેવાના અનુસંધાને કોઈ કારણોસર ફેરફાર કરવાનો થાય તો, જે તે યુનિટના વડાએ તેમની કક્ષાએ યોગ્ય નિર્ણય લઈ કૃષિ મહોત્સવમાં સામેલ કરવામાં આવેલ કૃષિ વૈજ્ઞાનિકની જગ્યાએ અન્ય કૃષિ વૈજ્ઞાનિકની નિમણુંક કરી અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

(૩) કૃષિ મહોત્સવ–૨૦૧૩ દરમ્યાન કૃષિ તજજ્ઞ તરીકે જે તાલુકામાં સેવા સોંપવામાં આવેલ છે તેના કૃષિ રથ રૂટની નકલ ઓરીએન્ટેશન કાર્યક્રમ દરમ્યાન મેળવી લેવાની રહેશે.

**<u>નકલ સવિનય રવાનાઃ</u>–**

યુનિટ/સબયુનિટ તરફ આપની કચેરી દ્વારા કૃષિ મહોત્સવ–૨૦૧૩ માટે મોકલવામાં આવેલ કૃષિ વૈજ્ઞાનિકોના નામોની યાદીમાં સમાવિષ્ટ પ્રાધ્યાપક સમકક્ષ સિવાયના તમામ કૃષિ વૈજ્ઞાનિકશ્રીઓએ ઉપરોકત ઓરીએન્ટેશનમાં હાજરી આપવાની રહેશે.